ભારતીય વિદ્યા ભવન અમદાવાદ કેન્દ્ર સંચાલિત

**શેઠ આર એ કૉલેજ ઓફ સાયન્સ, અમદાવાદ** ખાતે **લેબ આસિસટન્ટ** (બિન-અનામતની ૧-જગ્યા) તથા **જુનિયર ક્લાર્ક** (બિન-અનામતની ૧-જગ્યા) ની ભરતી માટે નીચે પ્રમાણેની વિગતે લેખિત પરીક્ષાઓ યોજનાર છે. લાયકાત ધરાવતા ઉમેદવારને RPAD દ્વારા પત્રથી જાણ કરવામાં આવેલ છે તથા **ઉમેદવારને પરીક્ષાનો બેઠક ક્રમાંક** ફાળવી મોકલી આપવામાં આવેલ છે તેઓએ પરિક્ષા સ્થળ પર પરીક્ષા સમય થી એક કલાક પહેલા એટલેકે **સવારે 10.00 કલાકે હાજર રહેવાનું તથા આ સાથે આપવામાં આવેલ સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે.**

**લેબ આસિસટન્ટ પરીક્ષા તારીખ: ૨૮/૦૭/૨૦૨૪ (રવિવાર)**
**પરીક્ષા સમય: સવારે ૧૧.00 થી ૧.00 (બે કલાક )**
**પ્રશ્નપત્ર ગુણ: ૧૫૦ (માર્કસ)**
**પરીક્ષાનું સ્થળ :- ભવન્સ શેઠ આર એ કૉલેજ ઓફ સાયન્સ,**
**વિદ્યાગૌરી નીલકંઠ માર્ગ, ખાનપુર અમદાવાદ - ૩૮૦૦૦૧**

**જુનિયર ક્લાર્ક પરીક્ષા તારીખ: ૧૧/૦૮/૨૦૨૪ (રવિવાર)**
**પરીક્ષા સમય : સવારે ૧૧.00 થી ૧૨.00 (એક કલાક)**
**પ્રશ્નપત્ર ગુણ:- ૧00 (માર્કસ)**
**પરીક્ષાનું સ્થળ :- ભવન્સ શેઠ આર એ કૉલેજ ઓફ સાયન્સ,**
**વિદ્યાગૌરી નીલકંઠ માર્ગ, ખાનપુર અમદાવાદ - ૩૮૦૦૦૧**

## પરિક્ષાનું માળખું, અભ્યાસક્રમ તથા ગુણાંકન ગુજરાત ગૌણ સેવા પસંદગી મુજબ :

### લેબ આસિસટન્ટ પ્રથમ પરિક્ષા: ૧૫૦ પ્રશ્નો OMR આધારિત

| ક્રમ | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન: ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમત ગમત સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વિગેરે... | ૩૦ | ૧૨૦ મિનીટ (બે કલાક) |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | શૈક્ષણીક લાયકાત ને અનુરૂપ સબંધિત સામાન્ય સાયન્સ વિષયના પ્રશ્નો | ૯૦ | |
| | **કુલ ગુણ:** | **૧૫૦** | |

### જુનિયર ક્લાર્ક પ્રથમ પરિક્ષા: ૧00 પ્રશ્નો OMR આધારિત

| ક્રમ | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન, રીઝનીંગ | ૪૦ | ૬૦ મિનીટ (એક કલાક) |
| ૨ | માત્રાત્મક ગણતરી | ૩૦ | |
| ૩ | ગુજરાતી | ૧૫ | |
| ૪ | અંગ્રેજી | ૧૫ | |
| | **કુલ ગુણ:** | **૧૦૦** | |

## પરિક્ષાનું ગુણાંકન:

૧. ઉમેદવારે **બધા જ પ્રશ્નોના જવાબ આપવાના** રહેશે અને દરેક **પ્રશ્ન ૦૧(એક) ગુણ** રહેશે.

૨. ખોટા જવાબ દીઠ ,છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણ માંથી **૦.૨૫ ગુણ કમી** કરવામાં આવશે. **એટલે કે નેગેટીવ માર્કીંગ લાગુ પડશે** .

૩. દરેક પ્રશ્નોના જવાબમાં **"NOT ATTEMPTED"** એક વિકલ્પ **"E"** **"NOT ATTEMPTED"** રહેશે. ઉમેદવારે કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઈચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને **"NOT ATTEMPTED"**વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં **નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં**

૪. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણ માંથી **૦.૨૫ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.**

## પરિક્ષા અંગે સામાન્ય સૂચનાઓ:

૧. પરીક્ષામાં હાજર રહેવા ઉમેદવારને મળેલ **પત્ર સાથે** પરીક્ષા માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨. નિયત સમય પહેલા એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત હાજરી પત્રકમાં સહી કરવાની રહેશે .

૩. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

૪. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રોનિક ઉપકરણો (કેલ્ક્યુલેટર), મોબાઈલ ફોન વગેરેનો ઉપયોગ કરવો નહીં અને પરીક્ષાખંડમાં સાથે રાખવા નહીં.

૫. દરેક ઉમેદવારે **એક પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા ઉમેદવારે ફોટો આઇ.ડી સાથે લાવવું ફરજીયાત છે**. અન્યથા પરીક્ષાખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહીં

૬. ઉમેદવારે માત્ર **બ્લેક અને બ્લુ પેનનો** જ ઉપયોગ કરવાનો રહેશે અન્ય કોઈપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ ઓ.એમ.આર.શીટમાં કરવો નહીં.